વડાલી પાલિકાની સામાન્ય સભામાં ખર્ચના બીલો બાબતે વિપક્ષનો વોકઆઉટ



## પાલનપુરના માનસરોવર તળાવમાં ડુબી જતા વૃદ્ધાનું મોત

પાલનપુર, તા. ૨૭

પાલનપુરના માનસરોવર તળાવમાં ડુબી જવાના કારણે એક વૃદ્ધાનું કરૂણ મોત નીપજતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના માનસરોવર ફાટક નજીક રહેતી અને માનસિક અતંલુન ધરાવતી નર્મદાબેન વર્ધમાનભાઈ પરીખ નામની મહિલા રાત્રીના સમયે ક્યાંક ચાલી નીકળ્યા હતા. તે દરમ્યાન સવારે માનસરોવરમાંથી તેણીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક વૃદ્ધા માનસરોવરના પાણીમાં ડુબી ગઈ હોવાના કારણે મોતને ભેટી હોવાનું મનાય છે.

## મહેસાણા જિલ્લામાં નર્મદા કેનાલના કાંઠા પર વૃક્ષારોપણ કરાશે

મહેસાણા, તા. ૨૭

રાજ્ય સરકાર વહીવટી કામગીરીમાં પણ નવતર અભિગમ સાથે નવી પહેલ કરવામાં અગ્રેસર રહ્યુ છે. આજે સમગ્ર વિશ્વને ગ્લોબલ વોર્મિંગની સમસ્યા નિવારણના પ્રયાસો કરી રહ્યું છે. આ સમસ્યા નિવારણ માટેનો અસરકારક ઉપાય વૃક્ષારોપણ અને તેનું જતન છે.

રાજ્ય સરકાર દ્વારા નર્મદા કેનાલના નહેરના કાંઠાનો ઉપયોગ કરી વૃક્ષોનું વાવેતર કરનાર છે. રાજ્યમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, છોટાઉદેપુર, પંચમહાલ, ગાંધીનગર અને અમદાવાદ મળીને સાત જિલ્લાની હદમાં આવેલ નર્મદા કેનાલ કાંઠા પર એક સાથે વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે.



દલિત ઉપર થયેલા અત્યાચારના વિરોધમાં ગુજરાતના સાહિત્યકારો પણ એવોર્ડ પરત આપવા લાગ્યા છે. હવે સાહિત્યકાર અમૃતભાઈ મકવાણાએ તેમનો એવોર્ડ પરત આપી દીધો છે.

# ઈડરના રાણી તળાવનું એક કરોડના ખર્ચે બ્યુટીફીકેશન કરાશે

અરવલ્લી ગિરિમાળામાં હરિયાળી ટેકરીઓ અને આહલાદક પ્રાકૃતિક દ્રશ્યોથી ભરપુર હરણાવ નદી કાંઠે આવેલું ઐતિહાસિક વારસાથી સમૃદ્ધ એવું પોળોનું જંગલ આવેલુ છે. સ્મારકોની આજુબાજુનું વાતાવરણ, પર્વત, નદી અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ વચ્ચે નિર્માણ થયેલ છે. જૈન મંદિરોના ભગ્ન અવશેષો અને વૃક્ષોની શીતળ છાયા મનને નીરવ શાંતિનો અહેસાસ કરાવે તેવી પ્રકૃતિની ભરમાર છે તથા કુદરતના ખોળે વસેલું રમણીય પ્રવાસન સ્થળ છે એવા પ્રવાસન સ્થળ પોળોને આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસાવવા જિલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગે કમર કસી છે.

પ્રવાસન વિકાસ સાથે ઈકો-ટુરીઝમનો પણ વિકાસ થાય તે માટે જિલ્લા કલેકટર પી.સ્વરૂપની અધ્યક્ષતામાં પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં રૂા.૯ કરોડ પોળોને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા તેમજ રાણી તળાવના બ્યુટીફીકેશન માટે રૂા.૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે એમ જિલ્લા કલેકટર પી.સ્વરૂપે બેઠક દરમિયાન જણાવ્યુ હતું.

બેઠકમાં ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલ પોળોની નજીકમાં જાણીતા જોવાલાયક સ્થળો અંબાજી (ખેડબ્રહ્મા), સાબરમતી નદી પરનો ધરોઈ ડેમ, વરતોલના ચામુંડા માતાનું મંદિર, ઈડરીયો ગઢ, ગઢડા શામળાજી મંદિર, સપ્તેશ્વર મહાદેવ આવેલા છે તેને જોડતા માર્ગો સાથે પ્રવાસીઓ માટે અનુકૂલિન સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. ઉપરાંત અમદાવાદ અને અંબાજી હાઈવે પર આવેલા ઈડર નજીકના રાણી તળાવનો પ્રવાસીઓ આનંદ માણી શકે તે માટે રૂા.૧ કરોડના ખર્ચે બ્યુટીફીકેશન કરવામાં આવશે. જેમાં નાના બાળકો માટે ગમ્મત માટેના સાધનો તેમજ વોક-વે, તળાવમાં બોટીંગ તેમજ ફૂડ કોર્ટ વિકસાવવામાં આવશે, સાથો સાથ પ્રવાસીઓ પ્રસિધ્ધ ઈડરીયા ગઢના ટ્રેકીંગની પણ મજા માણી શકે તેવું આયોજન કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યુ હતું.

## તલોદ કોલેજમાં વૃક્ષારોપણ કરાયુ

તલોદ, તા. ૨૭

તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ., એનસીસી અને સ્પોર્ટસ વિભાગના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોલેજના આચાર્ય ડૉ. જે.સી. પટેલે વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં રોપાઓનું વાવેતર કર્યું હતું.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં વૃક્ષોની માનવજીવનમાં ઉપયોગીતા વૈદિક પરંપરા અનુસાર વૃક્ષોની જરૂરીયાત તેમજ પર્યાવરણની જાળવણી કરી છોડમાં રણછોડની ભાવના આચાર્યે વ્યક્ત કરી હતી અને વૃક્ષોનું જતન કરી વૃક્ષોના મહત્વ વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક મિત્રો જોડાયા હતા. આ આયોજન પ્રા. દિલીપ ચાવડા, મેજર પ્રા. મુકેશભાઈ પટેલ, ડૉ. કરૂણાબેન કુમાવત અને પ્રા. આર.બી. સોલંકીએ કર્યુ હતુ અને સંકલન ડૉ. મૌલિક પંડ્યાએ કર્યુ હતુ.

## જિલ્લામાં ગેસ ધારકો આધાર કાર્ડ અને બેન્ક સાથે તાત્કાલીક સીડીંગ કરાવે

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં જે ગેસ ધારકોએ એલપીજી ગેસ આધાર અને બેન્ક સાથે સીડીંગ કરાવેલ ન હોય તેમણે તાત્કાલીક ધોરણે સીડીંગ કરાવવા જણાવાયું છે. એલ.પી.જી. ગેસ લાભાર્થીએ ૧ જુલાઈ સુધીમાં એલ.પી.જી. ગેસ એજન્સી અને બેન્ક સાથે આધાર કાર્ડનું સીડીંગ કરાવેલ હશે તેમને ભારત સરકારની એલ.પી.જી. સબસીડીનો લાભ મળશે. ૧ જુલાઈથી તારીખ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જે એલ.પી.જી. ગેસ લાભાર્થી આધાર કાર્ડનું સીડીંગ કરાવશે તેમને સબસીડી પાર્ક થયેલ રકમ પરત મળશે. ૩૦ સપ્ટેમ્બર બાદ એલ.પી.જી. સબસીડીની પાર્ક થયેલ રકમ પણ મળવા પાત્ર થશે નહી તેમ જિલ્લા પુરવઠા અધિકારી જણાવાયું છે.

## વીપીએમપી પોલીટેકનીક ખાતે 'તણાવ-મુકત-કર્મ' વિષય ઉપર એક દિવસીય વર્કશોપ યોજાયો

સેકટર-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીકમાં ગત તા.૨૫મી જુલાઈના રોજ 'તણાવ-મુકત-કર્મ' વિષય ઉપર સંસ્થાના કર્મચારીઓ માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જાણીતા યોગ-શિક્ષક અને મોટીવેશનલ ટ્રેઈનર જે.સી. પટેલ હાજર રહ્યા હતા.

# અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સુવર્ણમય શિખર માટે વધુ ૪ કિલો સોનાની ખરીદી કરાઈ

અંબાજી, તા. ૨૭

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા અંબાજી મંદિરના શિખરને સુવર્ણમય બનાવવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અંબાજી શાખામાં બે ખાતા ખોલાવવામાં આવેલ જેમાં દાતાઓ દ્વારા રોકડ, ચેક તથા ઓનલાઈન ડોનેશન દ્વારા જમા થયેલ રકમમાંથી એસબીઆઈ અંબાજી તથા એમએમટીસી લીમીટેડ (ભારત સરકારનું ઉપક્રમ) અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવ્યુ છે. મંદિર ટ્રસ્ટ દ્વારા શિખર સુવર્ણમય બનાવવાના કામ સારૂ અત્યાર સુધીમાં ૮૭ કિલો ૮૭૦ ગ્રામ સોનુ વપરાયેલ છે. જેમાંથી ૪૭ ફૂટ શિખરની કામગીરી પૂર્ણ થયેલ



છે. જેમાંથી મંદિર ટ્રસ્ટ દ્વારા સરકારની મંજુરી મેળવી અત્યાર સુધીમાં ૨૧ કિલો ૮૦૦ ગ્રામ સોનુ ખરીદ કરવામાં આવ્યું છે. આજ રોજ વધુ ૪ કિલો સોનુ ખરીદ કરવામાં આવ્યુ છે.

આમ કુલ ૨૫ કિલો ૮૦૦ ગ્રામ સોનુ ઉપરોક્ત ખાતામાં સુવર્ણ દાન સ્વરૂપે જમા થયેલ છે. શિખર સુવર્ણમય બનાવવા બાકીની કામગીરી માટે ચેક, ડ્રાફ્ટ, ઓનલાઈન તેમજ શુદ્ધ સોનુ ટેમ્પલ ઈન્સ્પેક્ટર, અંબાજી માતા મંદિરની કચેરીમાં જમા કરાવી માઈ ભક્તોને આ ભગીરત કાર્યમાં સહભાગી થવા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી અનુરોધ કરે છે.

# વડાલી પાલિકાની સામાન્ય સભામાં ખર્ચના બીલો બાબતે વિપક્ષનો વોકઆઉટ

સાબરકાંઠા જીલ્લાના વડાલી નગરપાલિકામાં બુધવારે મળેલી સામાન્ય સભામાં સત્તાધારી પક્ષ દ્વારા ત્રણ માસના ખર્ચના બીલોને બદલે ચાલુ માસના બીલ વંચાણે લેતાં વિરોધ પક્ષે તેનો સખ્ત વિરોધ કરી જનરલ સભામાંથી વોકઆઉટ કરી બહિષ્કાર કર્યો હતો. વિપક્ષે કરેલા આક્ષેપ મુજબ બીલોમાં ગેરરીતિ આચરાઈ હોવાને કારણે તેની તપાસ થવી જોઈએ.

આ અંગે વડાલી પાલિકાના વિરોધ પક્ષના નેતા અજીતસિંહ રાઠોડે કરેલા આક્ષેપ મુજબ બુધવારે નગરપાલિકાના સભાગૃહમાં બપોરે ૩ વાગ્યે સામાન્ય સભા મળી હતી. જેમાં એજન્ડા મુજબ ખર્ચના બીલો અને વાઉચરો તથા વિકાસ કામો અંગે ચર્ચા કરવાની હતી. પરંતુ પાલિકાના સત્તાધારી પક્ષ દ્વારા છેલ્લા ત્રણ માસમાં ખર્ચના બીલો વંચાણે લેવાને બદલે જુલાઈ માસના બીલો જ વંચાણે લીધા હતા. જેથી વિરોધ પક્ષ દ્વારા મે અને જૂન માસના બીલ વંચાણે લેવા રજુઆત કરાતા ઉગ્ર બોલાચાલી થઈ હતી.

સામાન્ય સભામાં ઉપસ્થિત વિપક્ષના સાત સભ્યોએ સભાગૃહમાંથી નીકળી જઈ વોકઆઉટ કર્યો હતો. વિરોધ પક્ષે કરેલા આક્ષેપ મુજબ મે અને જૂન માસમાં નગરપાલિકા દ્વારા કરાયેલા ખર્ચના બીલોમાં ગેરીરીતિ આચરાઈ હોવાની શંકા છે. જેથી તે અંગે માહિતી અધિકારના કાયદા હેઠળ વિગતો પણ માંગવામાં આવતા હજુ સુધી તે વિગતો અપાઈ નથી. જેથી ગેરરીતિ થઈ હોવાનું મનાય છે. આ અંગે સક્ષમ અધિકારી દ્વારા તપાસ કરવી જોઈએ. જોકે આ અંગે ચીફ ઓફીસર પટણીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ તેમણે ફોન રીસીવ કર્યો નથી.

# ડાયાબિટીસ, કાર્ડિયોમેટાબોલિક જટિલતાઓ માટે લાઈફસ્પાનનું વિશિષ્ટ, ઈજામુક્ત પરીક્ષણ

ગાંધીનગર, તા. ૨૭

ભારતમાં ડાયાબિટીસ અને કાર્ડિયોમેટાબોલિક ક્લિનીકસની સૌથી મોટી ચેઈન લાઈફસ્પાન દ્વારા આરઆઈએસસી ટેસ્ટ ઓફર કરવામાં આવ્યો છે, જે જોખમના મૂલ્યાંકન માટે વિશિષ્ટ, ઈજામુક્ત સ્ક્રિનીંગ ટેસ્ટ છે.

આ ટેસ્ટ ઈન્સ્યુલિન પ્રતિરોધની ગણતરી કરીને ડાયાબિટીસના વધતા જોખમ સામે વ્યક્તિગત પરીક્ષણ કરે છે. તે વ્યક્તિના કાર્ડિયો મેટાબોલિક જોખમ સ્કોર અને ઓટોમેટિક ન્યૂરોપેથી જોખમ સ્કોરનું મૂલ્યાંકન પણ કરે છે અને વ્યક્તિના શરીરમાં ચરબીનું પ્રમાણ, હૃદયની કામગીરી તથા ઓટોમેટિક નર્વસ સિસ્ટમની કામગીરી તેમજ સુડોમીટર નર્વ્સ વિશે પણ જણાવે છે.

આ ટેસ્ટ આરોગ્ય સાથે સંબંધિત ૩૦ આવશ્યક સ્વાસ્થ્ય સૂચકાંકોનું મૂલ્યાંકન કરે છે, જે વ્યક્તિમાં નબળાઈ અને હૃદય સાથે સંબંધિત જટિલતાઓ વિકસાવવા જોખમ અંગે જાણકારી આપે છે.

આ ટેસ્ટ માટે લોહીનો નમૂનો લેવાની જરૂર પડતી નથી, દર્દીએ ૩ કલાક ભૂખ્યા રહેવું પડે છે.

ડાયાબિટીસના દર્દી આંખ, કિડની અને વિવિધ અન્ય અંગો સાથે હૃદય અને નર્વસ સિસ્ટમથી જટિલતાઓનું વધારે જોખમ ધરાવતા હોવાથી આ ટેસ્ટ તેમના માટે ઘણો ઉપયોગી નિવડી શકે છે.

આરઆઈએસસી ટેસ્ટ સુરક્ષિત અને ઈજામુક્ત છે. તેના માટે શરીરમાં કશું નાખવામાં આવતું નથી અને કોઈ નુકસાનકારક કિરણોનો ઉપયોગ પણ થતો નથી. તે સારવાર ખર્ચને પણ અસરકારક બનાવે છે કારણ કે તે કયા અંગને અસર થવાની શક્યતા છે તે ઓળખે છે, જેથી જટિલતાઓ અટકાવવાની શરૂઆત સમયસર થઈ શકે છે.

# અરવલ્લી જિલ્લામાં આગામી ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી મહત્વની ભૂમિકા ભજવશે : ઉસ્માનલાલા

મોડાસા, તા. ૨૭

સમગ્ર રાજયમાં હાલ અનામત તથા દલિત આંદોલન ચાલી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસથી નિરાશ થયેલી પ્રજા આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી તરફ આકર્ષાય તેવા સંજોગો ઉજળા બન્યા છે. વિવિધ આંદોલનના કારણે નારાજ થયેલા જનમતને એકત્રિત કરવા અરવલ્લી તથા સાબરકાંઠામાં મિટીંગોનો દોર શરૂ થઈ ગયો છે.

સમગ્ર ગુજરાત રાજયમાં પાટીદાર આંદોલન તથા દલિત આંદોલન વ્યાપક બની રહ્યો છે. ત્યારે પ્રજા એક યા બીજા પ્રકારે કોંગ્રેસ તથા ભાજપથી નિરાશ દેખાઈ રહ્યા છે. જેના લીધે દિલ્હીમાં સત્તા મેળવી ચુકેલી આમ આદમી પાર્ટી આગામી ચૂંટણીઓમાં મહત્વની ભૂમિકા ભજવે તેમ છે. આ અંગે અરવલ્લી જિલ્લા આમ આદમી પાર્ટીના આગેવાન તથા જાણીતા સામાજીક કાર્યકર ઉસ્માનલાલાએ જણાવ્યું કે અમારી પાર્ટી દ્વારા પ્રજાને સાચી લોકશાહી પ્રત્યે જાગૃત કરવાના આશયથી હાલ મોડાસા, મેઘરજ, હિંમતનગર, ઈડર વગેરે સ્થળે આમ આદમી પાર્ટીના કાર્યકરોની ખાસ મિટીંગો થઈ રહી છે. આગામી દિવસોમાં એએપી માટે જનાધાર ઉભો કરવા માટે દરેક તાલુકામાં ઓફિસો ખોલવામાં આવશે. અને આમ આદમી પાર્ટીમાં જોડાવા ઈચ્છતા યુવાનોને આવકારવામાં આવશે.

## મહિલા તલાટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલેક્ટર કચેરીના ઈ.ધરા કેન્દ્રની ઓચિંતી મુલાકાત લેતાં ત્યાં ફરજ બજાવતા બે મહિલા તલાટીઓ હાજર જણાયા ન હતા. આ અંગે પૃચ્છા કરતાં તેઓ નિયમિત લેટકપર હોવાનું જણાતાં કલેક્ટરે તાત્કાલિક નોટીસ આપી ખુલાસો પુછવાની સૂચના આપી હતી.

આ બન્ને તલાટીની નોટીસની બજવણી પણ કરી દેવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. તેમની આ ઓચિંતી મુલાકાત દરમ્યાન જ સબરજીસ્ટ્રારની કચેરીની બારીમાંથી એક મુલાકાતી દ્વારા પાનની પિચકારી મારવામાં આવતાં તેની સામે દંડનીય કાર્યવાહી કરવાની પણ સૂચના મામલતદાર ગાંધીનગરને આપવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરે આ પછી ગાંધીનગર મામલતદાર કચેરીની પણ મુલાકાત લીધી હતી. તેમણે મામલતદાર કચેરીમાં સ્વચ્છતા જાળવવા માટે કડક તાકીદ કરી હતી તેમજ મુલાકાતીઓને બેસવા માટેની જે વ્યવસ્થા છે તેમાં સુધારો કરવા માટે પણ કેટલીક સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટરે કલેક્ટર કચેરીમાં બેસતી વિવિધ કચેરીઓમાં આ ત્રીજીવાર આકસ્મિક મુલાકાત લીધી છે જે ઉલ્લેખનીય છે.

## દર્દી મળ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી તરફ શહેરના સે. ૨૪ અને ૨૫ તેમજ ઈન્ફોસીટી વિસ્તારમાંથી ૪ મેલેરિયાના કેસો મળી આવ્યા છે. તંત્રની ટીમે આ દર્દીઓને ત્યાં પણ એન્ટી લારવેલની કામગીરી કરેલ છે. શહેરમાં વરસાદે વિરામ લેતાં જ વાહકજન્ય રોગચાળાએ માથુ ઉચક્યુ છે. શહેરમાં ડેન્ગ્યુના અત્યાર સુધીમાં ૩ કેસ નોંધાયા છે. ૧ કેસ ગાંધીનગર સિવિલમાં જ્યારે બે કેસ ખાનગી દવાખાનામાં નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગાચાળો નિયંત્રણમાં રહે તે માટે તંત્રએ ૪૦૦થી વધુ સ્થાનોએથી પોરા શોધી અને તેનો નાશ પણ કર્યો હતો જે ઉલ્લેખનીય છે. જે રીતે છેલ્લા થોડાક દિવસથી વાતાવરણ પ્રર્વતી રહ્યુ છે તે જોતાં આગામી દિવસોમાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓ વધે તેવા સંકેતો મળી રહ્યા છે.

## દુવિધાઓનું દંગલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવાના સોહામણી વાતો વચ્ચે તાદ્રશ્ય થતા બિહામણાં દ્રશ્યોથી આમ નાગરિકોમાં ભારોભાર રોષ પ્રવર્તયો છે. ગાંધીનગરને દાયકાઓ બાદ પણ ગંદકી અને દબાણની સમસ્યામાંથી ઉગારી શકાયુ નથી. તેમાંય દબાણની સમસ્યા નિવારવા તંત્ર દ્વારા માત્ર નાટકીય ઝુંબેશ સિવાય કોઈ નક્કર પગલા લેવાતા નથી જેના પરિણામે શહેરના કોર્મશિયલ વિસ્તાર સહીત રહેણાંક વિસ્તાર પણ દબાણોની ગિરફતમાં આવી ગયા છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નગરના વણઉકેલ્યા પ્રશ્નો હજુ યથાવત સ્થિતિમાં જ છે. નગરની આગવી ઓળખ સમા સે-૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરની દશા જોઈ બહારથી આવતા મુલાકાતીઓને પણ અચરજ થાય છે. રખડતા ઢોર અને દબાણોના ઢગથી ઘેરાયેલા શોપિંગ વિસ્તારમાં મુલાકાતીઓ ગુંગળામણ અનુભવે તેવી સ્થિતિ છે. લાખોના ખર્ચે બનાવાયેલા પાર્કીંગ પ્લેસમાં લારી ગલ્લાના દબાણો અસ્તિત્વમાં આવી ગયા છે. જયારે શાકમાર્કેટના વિસ્તારમાં પાથરણા સહીતના દબાણકર્તાઓ કતાર લગાવીને અડ્ડો જમાવે છે. સાંજના સમયે ભારેભીડ ભાડ વચ્ચે મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સ દિશા ભટકે તેવી સ્થિતિનુ નિર્માણ થાય છે. પાર્કીંગ પ્લેસના સ્થાને દબાણોની કતાર ખડકાયેલી જોવા મળે છે. નાના અમથા સર્વિસ રોડ વચ્ચે ટ્રાફિકના ભારણ વચ્ચે વાહનો પાર્ક કરી દેવાય છે. દબાણની વકરતી સમસ્યા વચ્ચે લુખ્ખા તત્વો પણ અડ્ડો જમાવીને બેસે છે.આ દુવિધાજનક સ્થિતિ વચ્ચે શોપિંગ વચાળે બંધ ફુવારા પણ ગંદકી અને સમસ્યાનુ ઉદભવ સ્થાન બન્યા છે.ફુવારા દુર કરીને જગ્યા ખુલ્લી કરવાના નિર્ણયના અંતે પણ છેલ્લા દોઢ વર્ષથી કોઈ પગલા લેવાયા નથી.નગરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટરને સ્માર્ટ શોપિંગ તો ઠીક પરંતુ દુવિધામુકત કરવા મ્યુનિ કમિશ્નર સહીત માર્ગ મકાન વિભાગના અધિકારીઓએ અસરકારક પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે.

## કંપની સમાચાર

### એસ.પી. એપેરલ્સ લિમિટેડની ઓફર ૨ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૪ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ બંધ થશે

**પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૫૮ થી રૂ. ૨૬૮ નિર્ધારિત કરાયો**

એસ. પી. એપેરલ્સ લિમિટેડે ("કંપની" અથવા "ઈશ્યૂઅર") પોતાના રૂ. ૧૦ની મૂફકિંમત ("ઈક્વિટી શેર") ધરાવતા અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૫૮ થી રૂ. ૨૬૮ સુધીનો પ્રાઈસ બેન્ડ ધરાવતા ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો ૨ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂમાં રૂ. ૨,૧૫૦ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ")ની રકમનું પ્રતિનિધિત્વ કરતા ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ તથા ન્યૂ યોર્ક લાઈફ ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ ઈન્ડિયા ફંડ (એફવીસીઆઈ) ટુ એલએલસી ("સેલિંગ શએરહોલ્ડર્સ અને સેલિંગ શેરધારકો દ્વારા ઈક્વિટી શેરની આ પ્રકારની ઓફર "ઓફર ફોર સેલ") દ્વારા ૯૦૦,૦૦૦ ઈક્વિટી શેર ("ઓફર કરાયેલા શેર") સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ફ્રેશ ઈશ્યૂ અને ઓફર ફોર સેલનો સંયુક્તપણે "ઓફર" તરીકે ઉલ્લેખ કરાયો છે.

આ ઓફર ૪ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ બંધ થશે. મિનીમમ બિડ લોટ ૫૫ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૫૫ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો અને બૂક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ")ના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે.

એસ. પી. એપેરલ્સ લિમિટેડ ભારતમાં નવજાત શિશુઓ અને બાળકો માટેના નિટેડ ગારમેન્ટ્સના ઉત્પાદન અને નિકાસના ક્ષેત્રની અગ્રગણ્ય કંપની છે. આ ગારમેન્ટ્સનું ઉત્પાદન કંપનીની ઈન્ટિગ્રેટેડ સુવિધાઓમાં થાય છે, જેના વડે ગ્રેઈજ ફેબ્રિક થી લઈને તૈયાર પ્રોડકટ્સ સુધીની એન્ડ-ટુ-એન્ડ ગારમેન્ટના ઉત્પાદનની સર્વિસિઝ પૂરી પાડી શકે છે. કંપનીના કારોબારમાં બે મુખ્ય ડિવિઝનનો સમાવેશ થાય છે – (૧) ગારમેન્ટ્સ ડિવિઝન (નવજાત શિશુઓ અને બાળકો માટેના નિટેડ ગારમેન્ટ્સના ઉત્પાદન અને નિકાસ માટે) અને (૨) રિટેલ ડિવિઝન ('કોકોડાઈલ' બ્રાન્ડ નેમ હેઠળ ભારતમાં પ્રોડકટ્સના ઉત્પાદન, વિતરણ અને વેચાણ માટે). કંપનીનું સુકાન પ્રથમ પેઢીના સાહસિક એવા પ્રમોટર્સના દ્વારા સંચાલિત થાય છે અને વિતેલા વર્ષોમાં કંપનીનો કારોબાર વધ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં આવકની દષ્ટિએ ભારતમાં નવજાત શિશુઓ અને બાળકો માટેના નિટેડ ગારમેન્ટ્સના ઉત્પાદકો પૈકી બીજી સૌથી મોટી નિકાસકાર કંપની બની બતી (સ્રોત : ટેક્નોપેક રિપોર્ટ). નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં કંપનીએ ટેસ્કો અને પ્રિમાર્ક સહિતના આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને નવજાત શિશુઓ તથા બાળકો માટેના લગભગ ૩૫.૯૮ મિલિયન નંગની પ્રત્યક્ષ રીતે નિકાસ કરી હતી. કંપનીની ૨૧ કાર્યરત ઉત્પાદન સુવિધાઓ અને નેતાજી એપેરલ પાર્ક (એનએપી) (જે સ્થાપનાની પ્રક્રિયા હેઠળ છે) ખાતેની ઉત્પાદન સુવિધા તામિલનાડુના અવિનાશી પ્રદેશમાં તથા તેની આસપાસ આવેલી છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સંયુક્ત ધોરણે કંપનીએ રૂ. ૫,૩૭૭.૫૪ મિલિયનની કુલ આવક પ્રાપ્ત કરી હતી, અને રૂ. ૩૪૭.૧૪ મિલિયનનો ચોખ્ખો નફો મેળવ્યો હતો તથા ઈક્વિટી શેરધારકોને નેટવર્થ પર ૩૦.૮૦ ટકાનું રિટર્ન મળ્યું હતું.

## મહારેલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરપકડ થઈ છે. આ કેસમાં ૪૦ થી ૪૫ આરોપીઓ છે તે તમામની ધરપકડ થાય અને ત્વરીત કેસનો નિકાલ કરવામાં આવે. થાનગઢ હત્યા કેસમાં શુ પ્રગતિ થઈ તે ગુજરાતના દલીતોને વાકેફ કરવા, ગાંધીનગરના પીંપળજ અને ખાખરા ગામમાં બનેલી બનાવમાં આજ દિન સુધી ન્યાય મળ્યા નથી તેમને ન્યાય અપાવવા, દલિત અત્યાચારોની દર ત્રણ માસે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં બેઠક થવી જોઈએ, સહિતના વિવિધ મુદ્દાઓનો તાત્કાલિક નિરાકરણ લાવવા સંદર્ભનું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

## પુનઃ હરાજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબરો માટે રીઓકશન કરવાની ફરજ પડે છે. આર ટી ઓ દ્વારા ટુ વ્હીલરના નંબરો માટે જારી કરાયેલી નવી સીરિઝ જી જે ૧૮ સી એમ અને સી એન અને સીએલને અનુલક્ષી આગામી તા ૧ ઓગષ્ટના રોજ હરાજી કરવામાં આવશે. સિલ્વર અને ગોલ્ડન કેટેગરીમાં નંબરોની હરાજી કરાશે. જયારે ફોર વ્હીલરમાં પણ બી ઈ અને બી એફની નવી સીરીઝ મોટે પણ પુનઃ નંબરોની હરાજી કરાશે આ ઉપરાંત ટ્રાન્સપોર્ટના વાહનો માટે પણ હરાજીની પ્રકીયા હાથ ધરાશે. અરજદારોએ તા ૨૮ અને ૨૯ ઓગષ્ટ સુધીમાં અરજી કરી દેવાની રહેશે.

## ઘુસણખોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘુસણોખોરીના કેટલાક મામલા અગાઉ પણ સપાટી ઉપર આવી ચુક્યા છે. બે વર્ષ પહેલા ભારતીય સરહદમાં ચીની હેલિકોપ્ટરના ઘુસવાના મામલા સપાટી ઉપર આવ્યા હતા. ચીની સૈનિકો દ્વારા ભારતીય સરહદની અંદર કેમ્પ બનાવવાની ઘટના પણ સપાટી ઉપર આવી ચુકી છે. ગયા વર્ષે ચીની સૈનિકોએ બારાહોતી ક્ષેત્રમાં ભારતીય લોકોના ખાદ્યાન્નના જથ્થાને નષ્ટ કરીને નુકસાન પહોંચાડ્યું હતું. રાવતે કહ્યું હતું કે, આ ચિંતાનો વિષય છે. અમારી સરહદ બિલકુલ સુરક્ષિત અને શાંતિપૂર્ણ છે. તકેદારી વધારવા માટે કહેવામાં આવ્યું છે. આઈટીબીટી દ્વારા ૧૯મી જુલાઈના દિવસે ગૃહમંત્રાલયને અહેવાલ મોકલીને ચીની સૈનિકોની ઘુસણખોરી અંગે માહિતી આપી હતી. ઉત્તરાખંડ ચીન સાથે ૩૫૦ કિલોમીટરની સરહદ ધરાવે છે. ચીની સૈનિકોએ છેલ્લા થોડાક વર્ષમાં અનેક વખત ઘુસણખોરી કરી છે.

## નિષ્ફળ રહ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુત્રોએ કહ્યું છે કે, પ્રતિબંધિત દવાના ઘટક તત્વો તેના સેમ્પલોમાં મળી આવ્યા છે. પ્રથમ ટેસ્ટમાં જે પ્રકારના ઘટક તત્વો મળી આવ્યા હતા તેવા જ ઘટક તત્વો ફરી મળી આવ્યા છે.નરસિંહ યાદવની આશા ઉપર હવે પાણી ફરી વળ્યું છે. નરસિંહનો આક્ષેપ છે કે, હરીફો દ્વારા તેને ફસાવવાનો પ્રયાસ કર્યો છે. તેના ભોજનમાં કેટલીક ચીજવસ્તુઓ ભેળવી દેવામાં આવી હતી.

## ૯૦ તાલુકામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરત જિલ્લાના સુરત શહેરમાં ૫૫ મી.મી. ઓલપાડમાં ૫૦ મી.મી. મળી કુલ ચાર તાલુકાઓમાં બે ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૬-૦૭-૨૦૧૬ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન દાંતીવાડા, બોડેલી, છોટાઉદેપુર, શહેરા, દાહોદ, ગરબાડા, સાવલી, ચોર્યાસી, જલાલપોર અને નવસારી મળી કુલ ૧૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ, જ્યારે અન્ય ૧૦ તાલુકાઓમાં અડધા ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. દક્ષિણ ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ થયો છે.

## પ્રથમ મહિલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હિલેરીના નામનુ સુચન કર્યુ હતુ. આની સાથે જ સેન્ડર્સે ઘેરા મતભેદોનો સામનો કરી રહેલી પાર્ટી માટે એકતાનો સંદેશ આપ્યો હતો. સેન્ડર્સે પ્રમુખપદની ચૂંટણી માટે પાર્ટીના ઉમેદવાર તરીકે હિલેરીના સર્વસંમત નામાંકનનો માર્ગ મોકળો કરવા માટે કેટલીક રજૂઆત કરી હતી. સેન્ડર્સે જાહેરાત કરતા કહ્યુહતુ કે હિલેરીને અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી માટે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર બનાવવામાં આવે તે જરૂરી છે. તેમની જાહેરાત બાદ થોડાક સમયમાં જ હિલેરીને પાર્ટીના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. હવે હિલેરી અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા થશે. હિલેરીએ આ પ્રસંગે કહ્યુ હતુ કે તે પળ એ તમામ નાની બાળકીઓ માટે છે જે મોટા સપના જુએ છે. અમે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ. એમે એક થઈને વધારે મજબુત થવા જઈ રહ્યા છીએ. વર્ષ ૧૭૮૯થી અમેરિકામાં પ્રમુખની ચૂંટણી થઈ રહી છે. ત્યારબાદથી લઈને હજુ સુધી કોઈ પણ મહિલા અમેરિકામાં પ્રમુખપદ માટે ઉમેદવાર રહી નથી. હજુ સુધી ૨૦૦ મહિલા અમેરિકામાં પ્રમુખ બનવા માટેના પ્રયાસો કરી ચુકી છે.